ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેકસ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,**ભાવનગર.**
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૩૫/૨૨–૨૩/ 3856 તારીખ : 05 DEC 2022

~~આર.પી.એ.ડી.~~

પ્રતિ,
**શ્રી પ્રભુભાઈ ભલાભાઈ જાદવ,**
**રહે.અજયસિંહ એલ. ચાવડાના મકાનમાં**
**પવન બંગલો, ડી.એન.ટી.હાઈસ્કુલ પાસે,**
**મું.જોરાવરનગર,**
**જી.સુરેન્દ્રનગર.**

કેસ નં.૩૫/૨૨–૨૩

**મો.નં – ૯૮૨૫૩ ૯૪૧૧૨**

**વિષય : ખેતીવાડી વિજ કનેકશનનું વચગાળાનું કામચલાઉ બિલ રદ કરવા બાબત.**

**સંદર્ભ** : (૧) આપનો પત્ર તા.૦૯/૦૮/૨૦૨૨ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૧૮/૦૮/૨૦૨૨.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૩૫/૨૨–૨૩/૨૬૨૯ તા.૨૦/૦૮/૨૦૨૨.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૩૫/૨૨–૨૩/૨૯૦૪ તા.૧૫/૦૯/૨૦૨૨.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૨૭/૦૯/૨૦૨૨** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણઃ– ઉપર મુજબ.**

O/C

પ્રતિઃ કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **સુરેન્દ્રનગર.**
*.......ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાનાઃ–**
(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **સુરેન્દ્રનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) નાયબ ઈજનેરશ્રી,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **મૂળી.**

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

**(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)**

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

**કેઈસ નંબર – ૩૫/૨૨–૨૩**

વાદી :– **શ્રી પ્રભુભાઈ ભલાભાઈ જાદવ,**

**વિરૂધ્ધ**

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

**રજુઆતની તારીખઃ– તા.૨૭/૦૯/૨૦૨૨**

હાજર રહયા :– **શ્રી અજયસિંહ એલ ચાવડા (વાદી ના પ્રતિનિધિ)**

પ્રતિવાદી :– **શ્રી એચ.પી.રાવળ, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર. (પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી પ્રભુભાઈ ભલાભાઈ જાદવ, મું.જોરાવરનગર, જી.સુરેન્દ્રનગરની ખેતીવાડી વિજ કનેકશનનું વચગાળાનું કામચલાઉ બિલ રદ કરવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૩૫/૨૨–૨૩ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, સુરેન્દ્રનગરને પત્ર નં. બીઝેડ/ફોરમ/૩૫/૨૨–૨૩/૨૬૨૯ તા.૨૦/૦૮/૨૦૨૨ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **તા.૨૭/૦૯/૨૦૨૨** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી શ્રી પ્રભુભાઈ ભલાભાઈ જાદવ વતી તેમના પ્રતિનિધિ શ્રી અજયસિંહ એલ ચાવડા હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી એચ.પી.રાવળ, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર ઉપસ્થિત રહેલ.

**વાદીશ્રીની રજુઆતઃ– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ શ્રી પ્રભુભાઈ ભલાભાઈ જાદવ, રહેઠાણ–અજયસિંહ એલ ચાવડા ના મકાનમાં,પવન બંગલો, જોરાવરનગર શહેરમાં રહેઠાણ ધરાવે છે. તેઓ મૂળી તાલુકાના નળીયા ગામ ખાતે તા.૧૮/૦૮/૨૦૧૭ થી ગ્રાહક નંબર–૨૭૬૨૦/૦૦૪૭૮/૫ થી ૧૦ એચ.પી નું એજી–૧ ટેરીફ નું વિજ કનેકશન ધરાવે છે.

૧.૨ વાદીની રજૂઆત છે કે, અમો કરાર મુજબ વિજ બિલ ત્રિમાસીક/વાર્ષિક વિજ બિલ નિયમીત રીતે ભરપાઈ કરેલ છે.

૧.૩ વાદી જણાવે છે કે, સદર વિજ કનેકશન શીફટીંગ કરાવેલ છે,તે દરમ્યાન તા.૦૧/૦૨/૨૦૧૬ થી તા.૩૧/૧૨/૨૦૧૭ સુધીનું રૂા.૧૫,૪૭૭/– નું બિલ પાછળથી જનરેટ કરવામાં આવતા સદરહુ પ્રશ્ન ઉપસ્થિત થયેલ છે.

૧.૪ વાદી જણાવે છે કે, સદર વિજ કનેકશન વઢવાણ તાલુકાના રામપરા ગામેથી ગ્રાહક નં–૨૫૯૧૫/૦૧૧૬૬/૭વાળું વિજ કનેકશન હાલ મૂળી તાલુકાના નળીયા ગામે ગ્રાહક નંબર–૨૭૬૨૦/૦૦૪૮૭/૫ થી શીફટીંગ કરાવેલ છે. સદર વિજ કનેકશન રામપરા ગામેથી નળીયા ગામે શીફટીંગ કરતા પહેલાનું વિજ બિલ અમોએ ભરેલ છે.

૧.૫ સદર વિજ કનેકશન ના શીફટીંગ માટે અમોએ તા.૦૪/૦૨/૨૦૧૬ ના રોજ અંદાજપત્ર અને ટેસ્ટ રીપોર્ટ ભરવામાં આવેલ છે. જેની નકલ આ સાથે જોડેલ છે. જે અન્વયે, વિજ કચેરી, મૂળી દ્વારા તા.૧૮/૦૮/૨૦૧૭ ના રોજ વિજ જોડાણ ઉભું કરવામાં આવેલ હતું.

૧.૬ વિજ કચેરી, મૂળી દ્વારા તા.૧૮/૦૮/૨૦૧૭ થી તા.૧૦/૧૨/૨૦૧૭ નું બિલ જનરેટ કરવામાં આવતા તે બિલ અમોએ તા.૧૨/૧૨/૨૦૧૭ ના રોજ રૂા.૧૩૫૦/– ભરી આપેલ છે. આમ, કોઈ લેણું બાકી રહેલ નથી તેમ જણાવે છે.

૧.૭ વિજ કચેરીમાં બીજા વર્ષે વિજ બિલ ભરવા માટે જતા અમોને એમ જણાવેલ કે, જાન્યુઆરી–૨૦૧૬ થી ડિસેમ્બર–૨૦૧૭ સુધીનું રૂા.૧૫,૪૭૭/– નું બિલ ભરવાનું બાકી નીકળે છે. સદર બાબતે તપાસ કરવામાં આવતા જણાવેલ કે, જે વિજ કનેકશન અમોએ શીફટીંગ કરાવેલ હતું તે સમયે વાડીમાં વિજ કનેકશન ઉભું કરવામાં ન આવેલ હોવા છતાં, આ સમયનું વિજ બિલ જનરેટ કરવામાં આવેલ.

૧.૮ સદર વિજ કનેકશન વિજ કચેરી દ્વારા ઉભું કરવામાં આવેલ ન હોવાથી તે સમયના બિલ ભરવાનો પ્રશ્ન રહેતો નથી. સદર બાબતે મૂળી વિજ કચેરી ખાતે રજૂઆત કરવા છતાં કોઈ સમાધાન મળેલ નથી બાકી રહેલ રકમ પર વ્યાજ પણ લગાડવામાં આવેલ છે. સદર રકમ ખોટી રીતે ઉધારેલ હોય નહી ભરવામાં આવતા અમારૂં વિજ કનેકશન કાપી નાંખવામાં આવેલ છે. જેના કારણે ખેતીમાં પાક સૂકાઈ જવાથી આર્થિક નુકશાન વેઠવું પડેલ છે. તેમ વાદી જણાવે છે.

૧.૯ વાદી જણાવે છે કે, તેઓની ઉંમર ૭૦ વર્ષની છે. વિજ કચેરી દ્વારા આધારો રજૂ કરવા જણાવેલ છે. જે વિજ કચેરીમાં પણ મળી શકે છે. આમ, ઉપરોક્ત રજૂઆત ને ધ્યાને લઈ અમોને આપવામાં આવેલ બિલ અને તેના પર લાગેલ વ્યાજની રકમ દૂર કરવા તેમ જણાવે છે.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆત</u> :– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૨.૧ શ્રી પ્રભુભાઈ ભલાભાઈ જાદવ, રહે. અજયસિંહ એલ ચાવડાના મકાનમાં,પવન બંગલો,જોરાવરનગર શહેરમાં રહેઠાણ ધરાવે છે. તેઓ સુરેન્દ્રનગર રૂરલ પેટા વિભાગીય કચેરીના તાબા હેઠળ આવેલ રામપરા ગામે ગ્રાહક નં–૨૫૧૯૫/૦૧૧૬૬/૭ થી ૧૦ એચ.પી. ની ખેતીવાડી એજી–૧ ટેરીફ નું વિજ કનેકશન ધરાવતા હતા.

૨.૨ વાદી દ્વારા સદર વિજ કનેકશન મૂળી વિજ કચેરી હેઠળ આવેલ નળીયા ગામે શીફટીંગ કરવા માટે અરજી આપેલ હતી. જેના અનુસંધાને વર્તુળ કચેરી દ્વારા પત્ર નં–૪૨૧૩ તા.૨૨/૦૭/૨૦૧૫ થી મંજૂરી આપેલ હતી.

૨.૩ વાદી દ્વારા સદર વિજ કનેકશનના શીફટીંગ માટેની અરજી તા.૧૨/૦૧/૨૦૧૬ ના રોજ મૂળી વિજ કચેરીમાં આપેલ. જે અન્વયે, મૂળી વિજ કચેરી દ્વારા જાવક નં–૪૮૫ તા.૦૧/૦૨/૨૦૧૬ થી અંદાજપત્ર આપવામાં આવેલ.વાદી દ્વારા વિજ કચેરી દ્વારા આપવામાં આવેલ અંદાજપત્રની રકમ રૂા.૧૨,૧૦૦/– તા.૦૪/૦૨/૨૦૧૬ ના રોજ ભરપાઈ કરેલ હતું.અને ટેસ્ટ રીપોર્ટ પણ તા.૦૪/૦૨/૨૦૧૬ ના રોજ ભરેલ હતો.

૨.૪ મૂળી વિજ કચેરીના ટેક વિભાગ દ્વારા તા.૧૮/૦૮/૨૦૧૭ ના રોજ કેસ પેપર બિલીગ વિભાગમાં આપવામાં આવેલ હતા. જે કેસ પેપરમાં ક્ષતિ હોય પરત આપેલ હતા.બાદમાં તા.૧૦/૧૧/૨૦૧૭ ના રોજ ટેક વિભાગ દ્વારા ફરીવાર કેસ પેપર બિલીગ વિભાગમાં આપેલ હતા. બાદ નિયમ મુજબ સદર ગ્રાહકનું બિલીગ ચાલુ કરવા માટે તા.૧૦/૧૧/૨૦૧૭ ના રોજ જરૂરી કાર્યવાહી કરી એલ.ટી. બિલીગમાં તા.૧૮/૦૮/૨૦૧૭ થી અપડેટ કરવામાં આવેલ હતું.

૨.૫ સદર ગ્રાહકની કેસ ફાઈલનો ઓડીટર દ્વારા ચેક કરાતા, સદર વિજ કનેકશનનું બિલીંગ મોડું ચાલુ થયેલ જોવા મળેલ. જેથી ઓડીટ ટીમ દ્વારા તા.૦૧/૦૨/૨૦૧૬ થી તા.૩૧/૧૨/૨૦૧૭ સુધીના દિવસો ૬૯૦ ગણી તે મુજબનો ફીકસ ચાર્જ ગણી શોર્ટ બિલીંગ રકમની રીકવરી આપેલ હતી. પરંતુ, સદર વિજ કનેકશન માટે ટ્રાન્સફોર્મર વિજ કચેરી દ્વારા તા.૧૨/૦૮/૨૦૧૬ ના રોજ મૂકવામાં આવેલ છે જેના ગેટ પાસની નકલ આ સાથે સામેલ છે. આમ, સદર ગ્રાહકને આપવામાં આવેલ વચગાળાનું કામચલાઉ બિલ રૂા.૧૫,૪૭૭/૦૮ આપવામાં આવેલ છે તે રકમ રદ કરી ઓગષ્ટ–૨૦૧૬ થી ડિસેમ્બર–૨૦૧૭ સુધીના સમયગાળા મુજબ રૂા.૧૦,૦૯૩/૮૦ ભરવાપાત્ર થાય છે. જે આપ સાહેબની જાણ સારૂં.

☞ <u>ફોરમનું તારણ</u> :– **વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

3.૧ અરજદાર શ્રી પ્રભુભાઈ ભલાભાઈ જાદવ, રહે. અજયસિંહ એલ ચાવડાના મકાનમાં,જોરાવરનગર શહેરમાં રહેઠાણ ધરાવે છે. તેઓ સુરેન્દ્રનગર રૂરલ પેટા વિભાગીય કચેરીના તાબા હેઠળ આવેલ રામપરા ગામે ગ્રાહક નં–૨૫૧૯૫/૦૧૧૬૬/૭ થી ૧૦ એચ.પી. ની ખેતીવાડી એજી–૧ ટેરીફ નું વિજ કનેકશન ધરાવતા હતા. તથા સદરહુ વીજ કનેક્શન શીફટીંગ કરાવતા તા. ૦૧.૦૨.૨૦૧૬ થી તા ૩૧.૧૨.૨૦૧૭ સુધીના સમયનું રૂ. ૧૫,૪૭૭/- બીલ પાછળ થી પ્રતિવાદી દ્વારા જનરેટ કરવામાં આવતા તે વિવાદ ની રજૂઆત ફોરમને કરેલ છે.

3.૨ આજરોજ તા. ૨૭.૦૯.૨૦૨૨ ની સુનાવણી દરમ્યાન બંને પક્ષ હાજર છે તેમજ પોતાની રજુઆતો કરેલ છે વાદી દ્વારા સદર વિજ કનેકશન મૂળી વિજ કચેરી હેઠળ આવેલ નળીયા ગામે શીફટીંગ કરવા માટે અરજી તા.૧૨/૦૧/૨૦૧૬ ના રોજ મૂળી વિજ કચેરીમાં આપેલ. જે અંગેની જરૂરી અંદાજપત્રની રકમ રૂા.૧૨,૧૦૦/– તા.૦૪/૦૨/૨૦૧૬ ના રોજ ભરપાઈ કરેલ હતું.અને ટેસ્ટ રીપોર્ટ પણ તા.૦૪/૦૨/૨૦૧૬ ના રોજ ભરેલ હતો.

3.3 મૂળી વિજ કચેરીના ગ્રાહકનું બિલીંગ ચાલુ કરવા માટે તા.૧૦/૧૧/૨૦૧૭ ના રોજ જરૂરી કાર્યવાહી કરી એલ.ટી.બિલીંગમાં તા.૧૮/૦૮/૨૦૧૭ થી અપડેટ કરવામાં આવેલ હતું.

3.૪ સદર ગ્રાહકની કેસ ફાઈલનો ઓડીટર દ્વારા ચેક કરાતા, સદર વિજ કનેકશનનું બિલીંગ મોડું ચાલુ થયેલ જોવા મળેલ. જેથી ઓડીટ ટીમ દ્વારા તા.૦૧/૦૨/૨૦૧૬ થી તા.૩૧/૧૨/૨૦૧૭ સુધીના દિવસો ૬૯૦ ગણી તે મુજબનો ફીકસ ચાર્જ ગણી શોર્ટ બિલીંગ રકમની રીકવરી આપેલ હતી.

3.૫ આ તબક્કે રજુ થયેલ રેકર્ડ અને રજુઆતો જોતા ફોરમને જણાય છે કે સદર વિજ કનેકશન માટે ટ્રાન્સફોર્મર વિજ કચેરી દ્વારા તા. ૧૨/૦૮/૨૦૧૬ ના રોજ મૂકવામાં આવેલ છે. તથા, સદર ગ્રાહકને વચગાળાનું કામચલાઉ બિલ રૂા.૧૫,૪૭૭/૦૮ આપવામા આવેલ છે જે રજુ થયેલ રેકર્ડ મુજબ ૬૯૦ દિવસોની ગણત્રી કરી બનાવવામાં આવેલ છે તદુપરાંત ઓકટો.-નવે. ૧૭ બીલ્ડ ઇન ડિસે.-૧૭ ના પણ ૩૦

દીવસની પણ ગણતરીમાં લેવામાં આવે છે આમ, આ સંજોગો માં વાદીને અંગ-સપ્ટે.-૧૬ થી ઓક્ટો. નવે-૧૭ બીલ્સ ઇન ડીસે.-૧૭ સુધીના બીલના ઉધારેલ રૂ. ૬૦૫૬,૨૮ બાદ આપવા પાત્ર થાય છે, આમ, ઓડીટ ટીમ દ્વારા બાકી કાઢવામાં આવેલ રૂ. ૧૫,૪૭૭/૦૮ ની સામે પ્રતિવાદીએ સદરહુ તે સમયગાળાનું રૂ. ૯,૪૨૦.૮૮ વસુલવા પાત્ર થાય છે. પ્રતિવાદીની કચેરીને આ સાથે રૂ. ૧૫,૪૭૭/૦૮ નું કામચલાઉ બીલ રદ કરી રૂ. ૯,૪૨૦.૮૮નું રીવાઈઝડ બીલ વાદીને આપવા જણાવવામાં આવે છે જે વાદીએ ભરવાપાત્ર છે.

**—:: હુકમ ::—**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " ૩.૫ " મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ—૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, કનકરોડ, ત્રિકોણ બાગ, રાજકોટ—૩૬૦ ૦૦૧ સમક્ષ અપીલ કરી શકે છે.

**(શ્રીમતી જે.એમ.મહેતા)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

(ગેરહાજર)
**(એન.આઈ.ઉપાધ્યાય)**
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એન.સી.મકવાણા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

તારીખ :— ૨૭/૦૯/૨૦૨૨.